# રોજગાર અને તાલીમ કમિશનરની કચેરી,

બ્લોક નં.૮, ત્રીજો માળ,ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.

વેબસાઈટ: www.talimrojgar.org.

ફોન નં.079/23253778 ફેક્સ નં.079/23253835


ક્રમાંકઃ—રોતાનિ/સ્કીમે.૬/અવ૩/ /૨૦૧૩ તા. ૦૩/૦૯/૨૦૧૩

તાત્કાલીક/અગત્યનું

કૃષિ અને સહકાર વિભાગ
ક્રમાંક ૭/. 6૭8/33
-6 SEP 2013
શાખા..........

પ્રતિ,
સચિવાલયના વિભાગો (તમામ),
ખાતાના વડાશ્રીઓ (તમામ),
ગુજરાત રાજય

વિષયઃ— વર્ષ : ૨૦૧૩ માટે વિકલાંગ પારિતોષિક માટેની જાહેરાત બાબતે

શ્રીમાન,

ઉપર્યુકત વિષય પરત્વે જય ભારત સહ જણાવવાનું કે દર વર્ષની માફક ચાલુ વર્ષ ૨૦૧૩ માટે અંધ, બહેરા મુંગા, અપંગ તેમજ રકતપિતમૂકત તેમજ મંદ બુધ્ધિના કર્મચારીઓ તેમજ તેમને કામે રાખતા નોકરીદાતાઓ તથા શ્રેષ્ઠ સ્થાનભરણી અધિકારી (પ્લેસમેન્ટ ઓફિસર) માટેની રાષ્ટ્રીય / રાજય પારિતોષિકો માટેની સ્પર્ધા અંગેની જાહેરાત વર્તમાનપત્રોમાં પ્રસિધ્ધ થનાર છે. જે જાહેરાતનો નમુનો આ સાથે મોકલી આપવામાં આવે છે. તથા નિયત નમુનાના અરજીપત્રકો આ સાથે આપની જાણ તેમજ જરૂરી કાર્યવાહી સારૂં મોકલી આપવામાં આવે છે.

આપના તાબાની કચેરીઓમાં કામ કરતા વિકલાંગ કર્મચારીઓ તથા નોકરીદાતા તરીકે આપની કચેરી પણ ભાગ લઈ શકે તે માટે બહોળી પ્રસિધ્ધ અર્થે યોગ્ય કાર્યવાહી કરવા વિનંતી છે.

આ માટે કાંઈ વિશેષ માહિતીની જરૂર જણાય તો નજીકની જિલ્લા રોજગાર કચેરીનો સંપર્ક સાધવા આપના તાબાની કચેરીઓને જાણ કરશો.

બિડાણઃ— ઉપર મુજબ.

આપનો વિશ્વાસુ,

અધિક નિયામક
રોજગાર અને તાલીમ
ગાંધીનગર.

નકલ રવાના : (૧) શાખા અધિકારીશ્રી, રોજગાર અને તાલીમ પાંખની તમામ શાખાઓ તરફ યોગ્યતા ધરાવતા વિકલાંગ કર્મચારીઓના ફોર્મ ભરાવવા અંગે.
(૨) કચેરીના નોટીસબોર્ડ ઉપર .
(૩) શાખા અધિકારીશ્રી, મીસેલીયન્સ શાખા વડી કચેરી તરફ ઉકત જાહેરાત ખાતાની વેબસાઈટ ઉપર પ્રસિધ્ધ કરાવવા સારૂં.

**વિકલાંગ વ્યકિતઓના કલ્યાણ માટે**
**પારિતોષિક વર્ષઃ—૨૦૧૩**

વર્ષ—૨૦૧૩ના રાષ્ટ્રીય/ રાજ્ય વિકલાંગ પારિતોષિકોની સ્પર્ધા માટે સને ૨૦૧૨ ના વર્ષ દરમ્યાન કરવામાં આવેલ શ્રેષ્ઠ પ્રવૃત્તિઓની વિગતો શારીરિક ક્ષતિ ધરાવતી શ્રેષ્ઠ કાર્યક્ષમ વ્યકિતઓ/ સ્વરોજગાર કરતી વિકલાંગ વ્યકિતઓ, વિકલાંગોને કામે રાખતા શ્રેષ્ઠ નોકરીદાતાઓ તથા વિકલાંગ વ્યકિતઓને થાળે પાડવાની કામગીરી કરતાં પ્લેસમેન્ટ ઓફીસર્સ પાસેથી નિયત નમૂનામાં અરજીઓ સાધનિક દસ્તાવેજો સહિત મંગાવવામાં આવે છે. પારિતોષિકો માટેના નિયત અરજી પત્રકો નજીકની રોજગાર કચેરીમાંથી વિનામૂલ્યે તા.૧૩/૯/૧૩ સુધીમાં મળી શકશે.તેમજ અત્રેના ખાતાની વેબસાઈટ **www.talimrojgar.org** ઉપરથી પણ અરજી પત્રક ડાઉનલોડ કરી શકાશે. ભરેલ અરજીપત્રકો સંબંધિત રોજગાર કચેરીઓને તા.૧૬/૯/૧૩ સુધીમાં રૂબરૂ અથવા ટપાલ દ્વારા જરુરી બિડાણો સહિત મોકલી આપવાના રહેશે. વિશેષમાં ગત વર્ષે અરજી કરનાર સ્પર્ધકો પણ અરજી કરી શકશે. વધુ માહિતી માટે નજીકની જિલ્લા રોજગાર કચેરીનો સંપર્ક કરવાનો રહેશે.

અધિક નિયામક
રોજગાર અને તાલીમ
ગાંધીનગર.